દેશમાં ૨૪ કલાકમાં ૮૬૯૬૧ પોઝિટિવ કેસ

દેશમાં પોઝિટિવ કેસ કરતાં વધુ દર્દી સાજા થયા : દેશમાં કુલ કોરોના કેસનો આંકડો ૫૪ લાખને પાર, મૃત્યુઆંક ૮૭ હજારની નજીક, ૪૩ લાખથી વધુ દર્દી રિકવર થયા

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં હવે કોરોનાથી સંક્રમિતોની સંખ્યા કરતાં સાજા થનાર દર્દીઓની સંખ્યા વધુ છે. કુલ રિકવરીની બાબતમાં ભારત વિશ્વના અન્ય દેશો કરતા આગળ નીકળીને પહેલાં નંબર પર છે. અત્યાર સુધીમાં ૪૪ લાખ લોકો સાજા થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૬,૯૬૧ નવા કોરોના કેસ નોંધાયા છે, ૧૧૩૦ લોકોના મોત થયા છે. ૨ સપ્ટેમ્બરથી દેશમાં એક હજારથી વધુ લોકોનાં મોત થયા છે. પરંતુ સારા સમાચાર એ છે કે ૨૪ કલાકમાં ૯૩,૩૫૬ દર્દીઓ સાજા પણ થઈ ગયા છે.

આરોગ્ય મંત્રાલયના તાજા આંકડા અનુસાર દેશમાં હવે સંક્રમિતોની સંખ્યા હવે વધીને ૫૪ લાખ ૮૭ હજાર ૫૮૦ થઈ ગઈ છે. તેમાંથી, ૮૭,૮૮૨ લોકોના મોત થઈ ચૂકયા છે. એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખ ૩ હજાર છે અને ૪૩ લાખ ૯૬ હજાર સાજા થઈ ચૂકયા છે. સંક્રમણના સક્રિય કેસોની સંખ્યાની તુલનામાં સાજા થનારા લોકોની સંખ્યા અંદાજે ચાર ગણી વધુ છે.

ઝ્રઈના મતે ૨૦ સપ્ટેમ્બર સુધીમાં કોરોના વાયરસના કુલ ૬ કરોડ ૪૩ લાખે ટેસ્ટ થઈ ચૂકયા છે, તેમાંથી ગઈકાલે ૭ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

રાહતની વાત છે કે મૃત્યુદર અને એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. મૃત્યુ દર ઘટીને ૧.૬૦% થયો છે. આ સિવાય સારવાર હેઠળ રહેલા એક્ટિવ કેસ જેમનો દર પણ ઘટીને ૧૯% પર આવી ગયો છે. તેની સાથે જ રિકવરી રેટ એટલે કે સાજા થવાનો દર ૮૦% થઈ ગયો છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

દેશમાં સૌથી વધુ એક્ટિવ કેસ મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રની હોસ્પિટલોમાં બે લાખથી વધુ સંક્રમિતોની સારવાર ચાલી રહી છે. ત્યારબાગ બીજા ક્રમે તમિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા નંબરે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસના કિસ્સામાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબથી ભારત વિશ્વનો બીજો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે. અમેરિકા અને બ્રાઝિલ બાદ મોતના મામલામાં ભારતનો નંબર છે.

રોજેરોજ નોંધાતા કેસની વાત કરીએ તો, ભારતમાં આ મહિનામાં કોરોનાના ફેલાવાની ઝડપ ખૂબ જ વધી છે.

સપ્ટેમ્બરના માત્ર ૧૭ દિવસમાં જ દેશમાં ૧૫ લાખ જેટલા કેસ નોંધાયા છે. જ્યારે બ્રાઝીલ અને અમેરિકાના આ જ ગાળામાં નોંધાયેલા કુલ કેસનો સરવાળો ભારતથી ઓછો, એટલે કે ૧૨ લાખ જેટલો થતો હતો. વળી, સપ્ટેમ્બરમાં આપણા દેશમાં કોરોનાથી થતાં મોતનું પ્રમાણ પણ વધ્યું છે. દેશમાં આ મહિનામાં કોરોનાથી ૧૮,૭૨૯ લોકોનાં મોત થયા છે. અમેરિકા અને બ્રાઝિલ કરતાં આ મહિનામાં ભારતમાં ૫,૦૦૦ વધુ મૃત્યુ નોંધાયા છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૩૧૨૧૭૨૪૮	૯૬૪૭૨૬	૨૨૮૧૩૮૩૧
ભારત	૫૫૧૭૬૦૧	૮૮૨૩૧	૪૪૩૨૬૩૦
ગુજરાત	૧૨૪૭૬૭	૩૩૩૯	૧૦૫૧૯૧
ગાંધીનગર	૩૨૭૧	૧૮૭	૨૬૪૭

રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૪૩૦ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ૧૭નાં મોત : અત્યાર સુધીમાં ૩૩૩૯ના મૃત્યુ, ૧૦૫૦૯૧ લોકો ડિસ્ચાર્જ : કુલ ૮૯ વેન્ટીલેટર પર છે

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૧૮૯૭ના ટેસ્ટ કરાતા ૧૪૩૦ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૨૪૭૬૭ થયો છે. રાજ્યમાં આજે ૧૭ દર્દીના મોત થયા હતા જ્યારે અત્યાર સુધીમાં ૩૩૩૯ કુલ મૃત્યુ થયા છે. રાજ્યમાં આજે ૧૩૧૬ દર્દીઓ સાજા થયા આ સાથે કુલ સાજા થનારા આંકડો ૧૦૫૦૯૧ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૩૩૭ એક્ટિવ કેસ છે જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૬૨૪૮ સ્ટેબલ છે. રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવના કેસ ૧૪૦૦ને પાર થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૮૬૨૩૬૬ ટેસ્ટ કોરોનાના થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૬૧૯૪૧૭ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૬૧૯૦૦૯ વ્યક્તિ હોમ ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૪.૨૩ ટકા છે. રાજ્યમાં કોવિડ-૧૯ના લીધે ૧૭ના મોત થયા છે. જેમાં સુરત જિલ્લામાં ૪ અને શહેરમાં ૨, અમદાવાદ શહેરમાં ૩, ભાવનગરમાં શહેરમાં ૨, વડોદરા શહેરમાં ૨ અને જિલ્લામાં ૨, ગીર સોમનાથમાં ૧ અને રાજકોટમાં શહેરમાં ૧ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૭ અને જિલ્લામાં ૨૦ સાથે ૧૭૭ કેસ છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૫ હજારને પાર થઈ ૩૫૧૧૯ થયો છે. આજે ૩ના મોત થથા ૧૭૮૬ મોત કુલ થયા છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૬,૧૯,૪૧૭ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪૦૮ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૬,૧૯,૦૦૯ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૬૩૩૭ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૯ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૬૨૪૮ની સ્થિતિ સ્ટેબલ છે.

પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ દ્વારા કોરોના વોરીયર્સ નગરપાલિકાના સ્ટાફનું સન્માન કરાયુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત પ્રાંતિજ જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ દ્વારા કોરોના વોરીયર્સ નગરપાલિકાના સ્ટાફનું

પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કોરોનાની મહામારી વચ્ચે પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા કોરોના વોરીયર્સ નગરપાલિકાના સ્ટાફનું પ્રાંતિજ જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ, એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઇ પટેલ, નગરપાલિકાના એન્જીનીયર મેઘનાબેન રાવ, જતીનભાઇ જોષી, ચિન્ટુભાઇ પરમાર, સંજયભાઇ ચૌધરી, પ્રિયાંકભાઇ પટેલ, તરુણભાઇ ભાવસાર, પ્રશાંતભાઇ વ્હોરા, પ્રિયાંકાબેન પટેલ, પ્રતીક્ષાબેન, ગુણવંતભાઇ, નૈલેષભાઇ રાવલ, મિલનભાઇ મકવાણા સહિત કર્મચારીઓ સ્ટાફનું જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ દ્વારા કોરોના વોરીયર્સ તરીકે પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ દિપકભાઇ કડીયા, નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન રાજેશભાઇ ટેકવાણી, મેમ્બર સ્પેશ્યલ કમિટી જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન મુંબઈ ડ્ર.એન.કે. ડોરિયા, મંગલોદય સેવા પ્રતિષ્ઠા ન પ્રાંતિજના અધ્યક્ષ સુનીલદાસજી મહારાજ, જાયન્ટસ ગૃપના પ્રમુખ ડ્ર. કેયુરભાઇ પ્રજાપતિ, જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજના મંત્રી હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ, ખજાનચી પીયુષભાઇ શાહ, જાયન્ટસ મેમ્બર સંજયભાઇ પટેલ, વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં અને નગરપાલિકાના કોરોના વોરીયર્સોને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

હિંમતનગરની યુવતીને દહેજ મામલે ત્રાસ અપાતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરની એક યુવતીને વડોદરા સ્થિત તેણીના પતિ સહિત ચાર સાસરિયાઓ દ્વારા છેલ્લા છ મહિનાથી બેંકનું દેવ ભરપાઈ કરવા માટે પિયરમાંથી રૂ. ૭ લાખનું દહેજ લાવવા માટે અવારનવાર દબાણ કરી શારિરીક અને માનસિક ત્રાસ અપાતા આ યુવતીએ કંટાળીને રવિવારે ચારેય સાસરિયા વિરૂદ્ધ હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં દહેજ ધારાના ભંગ બદલ ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગરના શ્રધ્ધાબેન ધર્મેન્દ્રભાઈ પરદેશીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ છેલ્લા છ મહિનાથી તેણીના પતિ ધર્મેન્દ્રભાઈ પુનમચંદ પરદેશી, સાસુ હસુમતીબેન પુનમચંદ પરદેશી, નણંદ જ્યોતીબેન નિરજભાઈ કનોજીયા અને દિવ્યાબેન નિતિનભાઈ પરદેશી દ્વારા છેલ્લા કેટલાક સમયથી અવારનવાર ઘરમાં ઝગડો કરવામાં આવતો હતો અને શ્રધ્ધાબેનને શારિરીક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરાયુ હતુ.

દરમિયાન બે નણંદ તથા સાસુ દ્વારા શ્રધ્ધાબેનના પતિને ચઢામણી કરવામાં આવતી હતી. ઉપરાંત અગાઉ બેંકમાંથી લીધેલી લોન ભરપાઈ કરવા માટે શ્રધ્ધાબેન પર દબાણ કરીને પિયરમાંથી દહેજ પેટે રૂ. ૭ લાખ લઈ આવવા કહ્યુ હતુ. જેના લીધે ઘરમાં કંકાસ થતો હતો અને નણંદ તથા સાસુની ચઢામણીને લીધે શ્રધ્ધાબેનને તેમના પતિ ધર્મેન્દ્રભાઈ દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો જેથી કંટાળીને શ્રધ્ધાબેને રવિવારે પતિ સહિત ચાર સાસરિયા વિરૂદ્ધ દહેજ ધારાના ભંગ બદલ હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાસકાંઠામાં વધુ ૫૨ કોરોનાના પોઝિટિવ કેસ

જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૬૦૩ પહોંચી ગઈ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાંકોરોના વાયરસની સ્થિતિ ગંભીર બનતી જાય છે. જ્યાં સોમવારે ૫૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૬૦૩ પહોંચી ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫૬ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં સોમવારે ૫૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૬૦૩ પહોંચી ગઈ છે. જોકે, આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આંકડા જાહેર કરવામાં આવ્યા ન હતા. પરંતુ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી પ્રેસ નોટમાં આંકડા દર્શાવવામાં આવ્યા હતા.

પાલનપુર નગરપાલિકાના એક કર્મચારીને

પાલનપુર પાલિકાના કર્મીને કોરોના

પાલનપુર નગરપાલિકાના ઘર વેરા શાખાના કર્મચારીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પાલિકાના કર્મચારીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો. આ અંગે ચિફ ઓફીસરએ જણાવ્યુ હતુ કે, પાલનપુર નગરપાલિકાના એક કર્મચારીનો કોરોના રીપોર્ટ પોઝીટવ આવતા પાલિકાના દ્વારા નગરપાલિકા કચેરીને સનેટાઈઝર કરવામાં આવી છે. તેમજ ઓફીસમાં કામ અર્થે આવતા તમામ વ્યક્તિઓને માસ્ક પહેરી ઓફીસમાં પ્રવેશ કરવા જણાવાયુ છે.

કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પાલિકા દ્વારા નગરપાલિકાને સેનેટાઈઝર કરવામાં આવ્યું હતુ.

ગુજરાતની એપીએમસીના કર્મચારીઓને સરકાર હસ્તક અથવા માર્કેટિંગ બોર્ડમાં સમાવેશ કરવા માંગ

ગુજરાત રાજ્ય બજાર સમિતિ કર્મચારી સંઘ ગાંધીનગર દ્વારા રજૂઆત કરાઇ

રાજ્ય સરકાર દ્વારા બજાર ધારામાં વટહુકમ બહાર પાડી ૨૬ જેટલાં સુધારા અમલમાં મુકવામાં આવ્યાં છે. જેમાં કેટલાંક સુધારા એપીએમસી અને તેના કર્મચારીઓના હિત ઉપર અસર કરતાં હોઇ ગુજરાત રાજ્ય બજાર સમિતિ કર્મચારી સંઘ ગાંધીનગર દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાતમાં બજાર સમિતિઓની સ્થાપના રાજયના ખાસ કાયદા ગુજરાત ખેત બજાર ઉતપન્ન અધિનિયમ - ૧૯૬૩ થી રાજ્ય સરકાર દ્વારા કરવામાંઆવેલ છે. જેથી બજાર વિસ્તારમાં બજાર સમિતિ બજાર ધારાનો અમલ ખેડૂતોના હિતમાં કરી શકે પરંતુ રાજ્ય સરકાર દ્વારા ગત તા. ૬ મે ૨૦૨૦ થી બજાર ધારા વટહુકમ બહાર પાડી ૨૬ જેટલાં સુધારા કરવામાં આવ્યાં છે પરંતુ આ સુધારા પૈકી કેટલાંક મુદ્દા એપીએમસી ની આવક અને કર્મચારીઓના હિત ઉપર અસર કરે છે. જેથી ગુજરાત રાજ્ય બજાર સમિતિ કર્મચારી સંઘ ગાંધીનગર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિનભાઇ પટેલ, સહકાર મંત્રી ઈશ્વરભાઇ પટેલ સહિતને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત ની તમામ એપીએમસી ના કર્મચારીઓએ ગત તા. ૨૨ થી ૨૪ જુલાઇ દરમ્યાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોધાવ્યો હતો તેમ છતાં સરકાર દ્વારા સંતોષકારક જવાબ આપ્યો નથી. આથી બજાર સમિતિના કર્મચારીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત રાજ્ય બજાર સમિતિ કર્મચારી સંઘ ના પ્રમુખ અજીતસિંહ અટોદરીયા અને મહામંત્રી રમેશભાઇ આહિર દ્વારા લેખિત રજૂઆત કરવામાંઆવી છે. આ અંગે ડીસા એપીએમસી ના સેક્રેટરી એ.એન.જોષી એ જણાવ્યું હતું કે, વટહુકમ મહંદઅંશે આવકાર દાયક છે પરંતુ કેટલાંક સુધારા બજાર સમિતિઓની આવક ઉપર અને કર્મચારીઓના હિત ઉપર સીધી અસર કરે છે. આ ઉપરાંત ગુજરાત અને મહારાષ્ટ્ર સિવાયના તમામ રાજયોમાં એપીએમસી ના કર્મચારીઓને રાજ્ય સરકાર રાજ્ય સરકાર હસ્તકના માર્કેટિંગ બોર્ડમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી ગુજરાત સરકારે પણ આ અંગે વિચાર કરી કર્મચારીઓના હિતમાં નિર્ણય લેવો જોઈએ.

ડીએચએલ એક્સપ્રેસે ૨૦૨૧ માટે વાર્ષિક કિંમત સમાયોજનની ઘોષણા કરી

દુનિયાની અગ્રણી આંતરરાષ્ટ્રીય એક્સપ્રેસ સેવા પ્રદાતા ડીએચએલ એક્સપ્રેસ દ્વારા ૧લી જાન્યુઆરી, ૨૦૨૧થી અમલ સાથે કિંમતોમાં વધારાની આજે ઘોષણા કરી હતી. ભારતમાં આ વધારો ૨૦૨૦ની તુલનામાં ૬.૯ ટકા રહેશે. ઉપરાંત ઓવરવેઈટ પીસીસ અને નોન- સ્ટેકેબલ પેલેટ્સ માટે સરચાર્જ પીસ દીઠ રૂ. ૭૨૫૦ અને પેલેટ દીઠ રૂ. ૧૫,૦૦૦ સમાયોજિત કરાશે. આનાથી તેના નેટવર્કની સ્થિતિસ્થાપકતા અને સતત ઉચ્ચ સેવા ધોરણોની જાળવણીની સતત ખાતરી રાખવામાં આવશે. ડીએચએલ એક્સપ્રેસમાં અમે અમારા ગ્રાહકોને અસમાંતર ગુણવત્તા પ્રદાન કરવા માટે પ્રયત્નશીલ છીએ. તેને લીધે અમારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીમાં નોંધનીય અને સતત રોકાણ કરવાની જરૂર રહે છે, એમ ડીએચએલ એક્સપ્રેસ ઈન્ડિયાના કન્ટ્રી મેનેજર આર. એસ. સુબ્રમણિયને જણાવ્યું હતું. વાર્ષિક કિંમત સમાયોજનને કારણે અમે અમારૂ ઉડ્ડયન અને ભૂ નેટવર્ક નિર્માણ કરી શકીશું, કેન્દ્રો અને એકમોમાં સુધારણા કરી શકીશું અને ડિજિટલાઈઝેશન પહેલો પ્રેરિત કરી શકીશું, જે સર્વને લીધે અમારા ગ્રાહકોની જરૂરતોને કાર્યક્ષમ રીતે ટેકો આપી શકીશું. મહામારીની સ્થિતિમાં અમે વૈશ્વિક સ્તરે વધે ને વધુ કોમ્પ્લેક્સ નિયમન અને સલામતી વાતાવરણનું પાલન કરવા રોકાણ કરવાનું ચાલુ રાખ્યું છે. આ પ્રગતિને લીધે અમારા ગ્રાહકોને અમારો બજાર અવ્વલ ટ્રાન્ઝિટ સમય જાળવી રાખવા સાથે મનની શાંતિ આપે છે.

પરામર્શ બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલું

મળતી વિગતો પ્રમાણે રોટેશનને લઈ તેમજ સીમાંકનને લઈ રાજકીય પક્ષો દ્વારા રજુઆતો કરવામાં આવી છે.

આ વર્ચ્યુઅલ બેઠકમાં તાલુકા પંચાયતના સીમાંકનની પણ રજુઆતોને સાંભળવામાં આવનાર છે. ગાંધીનગર તાલુકા પંચાયત જે ૩૬ સભ્યોની હતી તેમાંથી ૯ બેઠકો રદ થઈ છે અને નવી સભ્ય સંખ્યા ૨૮ નિયત કરવામાં આવી છે. કલોલ-માણસામાં પણ કેટલાક ભૌગોલિક ફેરફારોને લીધે ૨૮-૨૮ બેઠકો થાય છે. આ બધી બાબતોને આવરી લઈ આજે રાજકીય પક્ષો દ્વારા પંચને રજુઆતો કરવામાં આવનાર છે.

ડિસેમ્બર માસમાં જિલ્લા પંચાયતની મુદત પૂર્ણ થવાની છે. નવેમ્બરના અંતમાં કે ડિસેમ્બરના પ્રથમ પખવાડિયામાં નવી ચૂંટણીઓ યોજાશે. ચૂંટણી પંચ દ્વારા સામાન્ય ચૂંટણીઓના આયોજનની તૈયારીઓ તડામાર શરૂ કરી દીધી છે.

મળતી નિર્દેશો મુજબ આ માસના અંતમાં અથવા આગામી માસના પ્રથમ સપ્તાહમાં સીમાંકન અંગેનું આખરી જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવશે.

ગૌશાળા

● અનુસંધાન છેલ્લાનું ચાલું

ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકોની રજૂઆતને ધ્યાને લઇને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આગામી ત્રણ માસ આ સહાય ચૂકવવાનો પણ મહત્વનો નિર્ણય કર્યો છે. આ માટે ૧૦૦ કરોડની સહાય ચૂકવાશે. જે પૈકી બનાસકાંઠા જિલ્લાની ગૌશાળા-પાંજરાપોળોને ૧૬ કરોડ ચૂકવાશે. તેમણે ઉમેર્યું કે, જીવદયા પ્રેમી અમારી સરકારે પક્ષીઓને બચાવવા માટે ઉત્તરાયણના પર્વ દરમિયાન કરુણા અભિયાન શરૂ કરીને પક્ષીઓના જીવ બચાવ્યા છે એ જ રીતે પશુઓને ત્વરિત સારવાર આપવા માટે પણ કરુણા એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

૧૯ સંક્રમિત

● અનુસંધાન છેલ્લાનું ચાલું

આવ્યો છે. આ ઉપરાંત ઊર્જામંત્રીના ૫૨ વર્ષીય સારથીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧માં સદસ્ય નિવાસ ખાતે રહેતા ૬૧ વર્ષીય ધારાસભ્યનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી આજે ૩ કેસ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. સે. ૫ માંથી ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. નીચલી અદાલતમાં પ્રેક્ટીસ કરતા ૪૮ વર્ષીય વકીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત મહેસાણા જીઈબી ખાતે મીકેનીકલ ઈજનેર તરીકે નોકરી કરતા ૫૩ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માં રહેતી અને મનપામાં સેવક તરીકે સેવારત ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પ્રવાસન મંત્રાલયમાં નોકરી કરતી અને સે. ૨૯માં રહેતી ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦ માંથી એક ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨માં રહેતા અને રાજભવનના કમાન્ડોમાં સેવારત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨ માં કેસોની સંખ્યા જે રીતે નોંધાઈ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

અક્ષરધામમાં સુપરવાઈઝર તરીકે સેવા આપતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨ માં રહેતા અને સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ખાનગી કંપનીમાં નોકરી કરતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪ માં રહેતા અને ખાનગી કંપનીમાં મીકેનીકલ એન્જીનીયર તરીકે નોકરી કરતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માંથી ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર લેનાર દર્દીઓની સંખ્યા ૧૦૦ને પાર કરી જતાં તંત્રએ સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપી છે. શહેરમાં ૨૩૦થી વધુ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૫,૩૦૦ જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા છે.

આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

સહાય પેકેજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. વર્ષ ૨૦૧૮-૧૯માં દુષ્કાળ જેવી પરિસ્થિતી હતી, ત્યારે રાજ્યના ૫૧ તાલુકાઓ દુષ્કાળગ્રસ્ત અને ૪૫ તાલુકાઓને અસરગ્રસ્ત જાહેર કરી ખેડુતોને થયેલ ખેતી પાકોના નુકશાનમાં મદદરૂપ થવા માટે સહાય ચુકવવા નિર્ણય લીધેલો હતો. વર્ષ ૨૦૧૯-૨૦માં પણ રાજ્યમાં કમોસમી વરસાદને કારણે થયેલ નુકશાનમાં રાજ્યના તમામ ખેડુતોને આવરી લેતુ રૂ. ૩૭૯૫ કરોડનું ઐતિહાસિક કૃષિ સહાય પેકેજ જાહેર કરેલ હતું. હવે, ચાલુ વર્ષે પણ ખરીફ ઋતુમાં કેટલાક તાલુકાઓમાં તા. ૧૯-૦૯-૨૦૨૦ની સ્થિતિએ થયેલ નુકશાન અંગે કૃષિ વિભાગ દ્વારા થયેલ સર્વેના આકલન સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા વિચારણાને અંતે રાજ્યના ૨૦ જિલ્લાઓના ૧૨૩ તાલુકાના અંદાજીત ૫૧ લાખ હેક્ટરથી વધુ વાવેતર વિસ્તાર પૈકી સહાયના ધોરણો મુજબ અંદાજીત ૩૭ લાખ હેક્ટર વિસ્તાર સહાયને પાત્ર થશે. આ માટે રૂ. ૩૭૦૦ કરોડનુ સહાય પેકેજ રાજ્યના ખેડુતોને નુકસાનીમાં મદદરૂપ થવા જાહેર કર્યુ છે. જેમાં ૩૩% અને તેથી વધુ પાક નુકશાનીના કિસ્સામાં વધુમાં વધુ ૨ હેક્ટર માટે ૧૦,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય ચુકવવામાં આવશે. વધુમાં ખેડુત ખાતેદાર ગમે તેટલી ઓછી જમીન ધરાવતા હોય તો પણ તેઓને ઓછામાં ઓછા ૫૦૦૦ ચુકવવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ સહાય પેકેજથી રાજ્યના અંદાજીત ૨૭ લાખ જેટલા ખેડુત ખાતેદારોને ખાતા દીઠ સહાયનો લાભ મળશે. એટલું જ નહીં, રાજ્યના અન્ય તાલુકાઓમાં પાક નુકશાનીના આકલન આવશે તો રાજ્ય સરકાર તે અંગે પણ વિચારણા કરશે. આ સહાય માટે ઓનલાઈન અરજી કરવા માટે તા: ૧-૧૦-૨૦૨૦થી પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે. જેમાં ઓનલાઈન અરજી કરવા માટેનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. ખેડુતોએ નજીકના ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેથી અરજી કરવાની રહેશે. અરજી અન્વયે મંજુરી પ્રક્રિયાને અંતે સહાયની રકમ સીધી જ ખેડુતના બેંક ખાતામાં ઓનલાઈનથી જમા કરવામાં આવશે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ.

બિલ્ડીંગ ધરાશાયી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટનાસ્થળ પર હાજર છે. મળતી માહિતી પ્રમાણે સ્થાનિક લોકોની મદદથી ઓછામાં ઓછા ૨૦ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. કાટમાળ નીચે દબાયેલા ૨૫ લોકો માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ દુર્ઘટનામાં પહેલા ૫, પછી ૩ અને હવે વધુ ૨ આમ અત્યાર સુધીમાં ૧૦ લોકોનાં મોત નીપજ્યાં છે. મળતી માહિતી મુજબ સોમવારે સવારે ૩.૪૦ વાગ્યે જ્યારે બધા સૂઈ રહ્યા હતા ત્યારે ધમાનકર નાકા પાસે પટેલ કમ્પાઉન્ડ પાસેની ઈમારત ધરાશાયી થઈ હતી. આ સમય દરમિયાન સ્થાનિક લોકો દ્વારા આશરે ૨૦ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. અકસ્માતની માહિતી મળતાં જ એનડીઆરએફની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ટ